આઝાદીનો અમૃત મહોત્સવ

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

સને ૨૦૨૪-૨૫ નો વાર્ષિક વહીવટી અહેવાલ

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ/નિગમ વિસ્તાર, સેકટર-૧૦ એ, ગાંધીનગર

ફોન નં. ૨૩૨૫૦૨૯૩, ૨૩૨૫૦૨૯૪

E-mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ



સને ૨૦૨૪-૨૫નો
વાર્ષિક વહીવટી અહેવાલ

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦ એ, ગાંધીનગર.

ફોન નં. ૨૩૨૫૦૨૯૩, ૨૩૨૫૦૨૯૪

E-mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯
ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૨ – ૧૯૭૯

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ સને ૧૯૭૯ ની કલમ ૨૨ની પેટા કલમ(૧)ની જોગવાઇ મુજબ રાજય સરકારશ્રીએ નકકી કરેલ નમૂનામાં તૈયાર કરવામાં આવેલ ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડનો સને ૨૦૨૪–૨૫ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ, જેને ઉકત બોર્ડે તેની તા.૦૮/૧૦/૨૦૨૫ના રોજ મળેલ ૧૪૭મી બેઠકમાં મંજુર થયેલ ઠરાવ નં.૩ થી બહાલી આપેલ છે. જે ઉપરોકત કલમ(૨૨)ની પેટા કલમ(૨)ની જોગવાઇ મુજબ રાજય વિધાનસભા સમક્ષ રજુ કરવા માટે આ સાથે સાદર કરેલ છે.

વિણા પટેલ, આઇ.એ.એસ.
અધિક કમિશ્નર,
મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન
અને હોદ્દાની રૂએ **CEO**
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ,
ગાંધીનગર

એમ. થેન્નારસન, આઇ.એ.એસ.
અધ્યક્ષ
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ,
ગાંધીનગર

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર.
વાર્ષિક વહીવટી અહેવાલ : સને૨૦૨૪–૨૫

વિષય સૂચિ

ક્રમ	ભાગ	વિગત	પાના નં.
૧	ભાગ–૧	પ્રારંભિક	૧
૨	ભાગ– ૨	બોર્ડની આવક ખર્ચનો હિસાબ	૩
૩	ભાગ– ૩	સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન મળેલ બોર્ડ બેઠકમાં થયેલ અગત્યની કાર્યવાહીની વિગતો.	૩
		૧. અધિક કમિશ્નરશ્રી–૫, મુખ્ય કારોબારી અધિકારીશ્રી GMFBના અધ્યક્ષપદે GMFB તરફથી અમલીકૃત અગત્યની યોજનાઓની પ્રગતિ/ મોનીટરીંગ અંગે સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન છ ઝોનના પ્રાદેશિક કમિશ્નરશ્રીઓના વર્ગ–૧ના ચીફ ઓફીસરશ્રીઓની યોજવામાં આવેલ માસિક સમીક્ષા બેઠકો બાબત.	૫
		૨. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન અધિક કમિશ્નરશ્રી મ્યુનિસિપલ એડમીનસ્ટ્રેશન અને હોદ્દાની રૂએ CEO, GMFBના અધ્યક્ષ સ્થાને રાજયની ૮ મહાનગરપાલિકાઓના સીટી ઈજનેરશ્રીઓ/ નોડલ ઓફીસરશ્રીઓ સાથે યોજવામાં આવેલ સમીક્ષા બેઠકો.	૬
૪	ભાગ–૪	વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન વ્યવસાયિક કરની ૫૦ ટકા આવકમાંથી રાજયની નગરપાલિકા / મહાનગરપાલિકાઓને ફાળવવામાં આવેલ ગ્રાંટ બાબત.	૭
૫	ભાગ–૫	રાજયની ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચુંટણી ખર્ચ માટેની સહાયક અનુદાન યોજના હેઠળ સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન ચૂકવેલ ગ્રાંટની વિગતો.	૯
૬	ભાગ– ૬	નગર વિકાસ શ્રીનિધી લોન યોજના	૧૦
૭	ભાગ–૭	કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત ૧૫માં નાણાપંચની યોજના હેઠળ ફાળવેલ રકમ બાબત	૧૨
૮	ભાગ–૮	વીજ બીલ પ્રોત્સાહક યોજના	૧૪
૯	ભાગ – ૯	જમીન મહેસુલ બીનખેતી આકારની ગ્રાંટ તથા લોકલફંડ ઈરીગેશન સેસની નગરપાલિકા/મહાનગરપાલિકાઓને સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાંટ	૧૬
૧૦	ભાગ–૧૦	પ્રાથમિક શિક્ષણ માટે નગરપાલિકા/મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન પેટે ચુકવવામાં આવેલ શિક્ષણ ઉપકર ગ્રાંટ – વર્ષ ૨૦૨૪–૨૫	૧૭
૧૧	ભાગ–૧૧	વર્ષ ૨૦૨૪–૨૫ માટે બુનિયાદી મુડી અને પગાર ભથ્થા માટે નગરપાલિકાઓને ચુકવેલ સહાયક અનુદાન	૧૯
૧૨	ભાગ– ૧૨	ગુડ ગવર્નન્સ ઈનીશીયેટીવ (સુશાસન) યોજના	૨૧
૧૩	ભાગ–૧૩	રાજયની નગરપાલિકાઓના ૨૦૧૮–૧૯ના હિસાબો અક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ પ્રમાણે નિભાવવાના પ્રોજેકટની કામગીરી.	૨૩

ક્રમ	ભાગ	વિગત	પાના નં.
૧૪	ભાગ– ૧૪	નગરપાલિકાઓને ચુકવેલ ઓક્ટ્રોય વળતર ગ્રાંટ :– ૨૦૨૪–૨૫	૨૪
		૧. મહાનગરપાલિકાઓને ચૂકવેલ ઓક્ટ્રોય વળતર ગ્રાંટઃ– ૨૦૨૪–૨૫	૨૫
		૨. નગરપાલિકાઓને ૩ ટકા ગ્રાન્ટ પરફોર્મન્સના આધારે આપવા બાબત.	૨૬
		૨. મહાનગરપાલિકાઓને ૩ ટકા ગ્રાન્ટ પરફોર્મન્સના આધારે આપવા બાબત.	૨૭
૧૫	ભાગ–૧૫	શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળને ચુકવેલ ગ્રાન્ટ બાબત–૨૦૨૪–૨૫	૨૮
૧૬	ભાગ–૧૬	અંબાજી યાત્રાધામ વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળને ચુકવેલ ગ્રાન્ટ	૨૯
૧૭	ભાગ–૧૭	સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળને ચુકવેલ ગ્રાન્ટ	૩૦
૧૮	ભાગ–૧૮	નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન યોજનાઃ– ૨૦૨૪–૨૫	૩૧
૧૯	ભાગ–૧૯	રાજ્ય સ્તરની પગાર ભથ્થા ગ્રાંટ માટે સને ૨૦૨૪–૨૫ના વર્ષમાં રાજ્યની નગરપાલિકાઓને સહાયક અનુદાન અંગે:	૩૩
૨૦	ભાગ – ૨૦	વર્ષ ૨૦૨૪–૨૫માં રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ધાર્મિક સ્થળોની સેવા – પૂજા કરનાર વ્યકિતના ધાર્મિક પરિસરમાં આવેલ રહેઠાણના મકાનને મિલ્કત વેરામાંથી મુકિત આપવા બાબત.	૩૫
૨૧	ભાગ–૨૧	વર્ષ ૨૦૨૨–૨૪માં રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં આવેલ ધાર્મિક સ્થળોની સેવા – પૂજા કરનાર વ્યકિતના ધાર્મિક પરિસરમાં આવેલ રહેઠાણના મકાનને મિલ્કત વેરામાંથી મુકિત આપવા બાબત.	૩૬
૨૨	ભાગ – ૨૨	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (UDP-૭૮/૮૮/૯૧) હેઠળ ફાળવેલ ગ્રાંટ બાબત.	૩૭
૨૩	ભાગ – ૨૩	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ઘટક કાર્યક્રમ – નગરસેવા સદન માટે સહાય	૫૪
૨૪	ભાગ–૨૪	સંશોધન અને આંકડાકીય માહિતી રાજ્યની ન.પા. અને મ.ન.પા.ઓની નાણાંકીય પરિસ્થિતિ	૫૫
૨૫	ભાગ– ૨૫	સને ૨૦૨૪–૨૫ના વર્ષ માટેનું બોર્ડનું મહેકમ અને બોર્ડના કામકાજનું વહીવટી માળખું	૫૬

વાર્ષિક વહીવટી અહેવાલ : સને ૨૦૨૪–૨૫

પરિશિષ્ટ

ક્રમ	વિગત	પાના નં.
૧	સને ૨૦૨૪–૨૫ના વર્ષમાં બોર્ડને લગતા નિયમો અને વિનિયમો અમલમાં હતા.	૫૯
૨	ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડમાં તા. ૩૧–૦૩–૨૦૨૫ના રોજ બોર્ડના મહેકમની પરિસ્થિતિ દર્શાવતું પત્રક	૬૦
૩	સને ૨૦૨૪–૨૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન વિવિધ યોજનાઓ માટેની બજેટ જોગવાઇ અંતર્ગત સરકારશ્રી તરફથી મળેલ ગ્રાંટ તથા તેમાંથી થયેલ ખર્ચની વિગતો (તા.૧–૪–૨૦૨૪ થી તા.૩૧–૦૩–૨૦૨૫ સુધીની) બાબત.	૬૧
૪	સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓને વ્યવસાયવેરા (૫૦ %) ગ્રાંટ યોજના હેઠળ કરવામાં આવેલ ગ્રાંટની ચુકવણીની વિગતનું પત્રક	૬૩
૫	રાજયની ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચુંટણી ખર્ચ માટેની સહાયક અનુદાન યોજના હેઠળ ચૂકવેલ ગ્રાંટની વિગત દર્શાવતુ પત્રક.	૭૦
૬	કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત ૧૫માં નાણાપંચની યોજના હેઠળ ચૂકવેલ ગ્રાંટની વિગત દર્શાવતુ પત્રક.	૭૪
૭	જમીન મહેસુલ બીનખેતી આકારની ગ્રાંટ તથા લોકલફંડ ઈરીગેશન સેસની નગરપાલિકા/ મહાનગરપાલિકાઓને સને ૨૦૨૪–૨૫ ના વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાંટ	૭૮
૮	સને ૨૦૨૪–૨૫ના દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ ચુકવેલ ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક	૮૪
૯	બુનિયાદી મુડી પગાર ભથ્થા યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ મા ચૂકવેલ ગ્રાન્ટની રકમની વિગત	૮૮
૧૦	નગરપાલિકાઓને ચુકવેલ ઓકટ્રોય વળતર ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક	૯૪
૧૧	મહાનગરપાલિકાઓને ચૂકવેલ ઓકટ્રોય વળતર ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક	૯૯
૧૨	નગરપાલિકાઓને ૩ ટકા ગ્રાન્ટ પરફોર્મન્સના આધારે આપેલ ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક	૧૦૦
૧૩	મહાનગરપાલિકાઓને ૩ ટકા ગ્રાન્ટ પરફોર્મન્સના આધારે આપેલ ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક	૧૦૮
૧૪	રાજય સ્તરની કેડર પગાર ભથ્થાની વર્ષ ૨૦૨૪–૨૫ મા ન.પા.ઓને ચૂકવેલ ગ્રાન્ટની રકમની વિગત	૧૦૯
૧૫	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ – ૨૦૨૪–૨૫ દરમ્યાન કરેલ ગ્રાંટ ફાળવણીની વિગત.	૧૨૦
૧૬	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫મા ફાળવેલ ગ્રાંટની વિગત.	૧૨૬
૧૭	નગરપાલિકા વિસ્તારમાં હયાત / નવા કેટલ પોન્ડ્સના ડેવલપમેન્ટ માટે સહાય	૧૩૨

ક્રમ	વિગત	પાના નં.
૧૮	નગરપાલિકા વિસ્તારમાં એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ યોજના અન્વયે ચુકવેલ ગ્રાન્ટની વિગત	૧૩૮
૧૯	સંશોધન અને આંકડાકીય કામગીરી	
	૧. સ્થાનિક સંસથાઓની સાધારણ આવક અને સાધારણ ખર્ચ – ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪	૧૪૫
	૨. સ્થાનિક સંસ્થાઓની સાધારણ આવક સને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪	૧૪૫
	૩. સ્થાનિક સંસ્થાઓની માથાદીઠ આવક અને માથાદીઠ ખર્ચ સને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪	૧૪૫
	૪. સ્થાનિક સંસ્થાઓની સાધારણ આવકનું વિવિધ સદર હેઠળ થયેલ આવકનું પ્રમાણ (ટકાવારી) ની વિગત સને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪	૧૪૬
	૫. સ્થાનિક સંસ્થાઓની સાધારણ આવક અને ટેક્ષનો વૃદ્ધિદર સને ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪	૧૪૬
	૬. સ્થાનિક સંસ્થાઓના પ્રકારવાર કરવેરાની આવક વર્ષ – ૨૦૨૩–૨૪	૧૪૬
	૭. સ્થાનિક સંસ્થાઓના પ્રકારવાર કુલ સાધારણ આવક વર્ષ – ૨૦૨૩–૨૪	૧૪૬
	૮. સ્થાનિક સંસ્થાઓના પ્રકારવાર કુલ સાધારણ આવક અને સાધારણ ખર્ચ વર્ષ – ૨૦૨૩–૨૪	૧૪૬

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, અધિનિયમ – ૧૯૭૯ની કલમ–૨૨ ની પેટા કલમ(૧)ની જોગવાઇ મુજબ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સને ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

ભાગ–૧

પ્રારંભિક

સને ૧૯૭૯માં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ અધિનિયમ (અધિનિયમ ક્રમાંક : ૧૨, સને ૧૯૭૯), તા.૨૧/૦૯/૧૯૭૯ના રોજથી અમલમાં મુકવામાં આવેલ અને તા.૨૪/૦૯/૧૯૭૯ થી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની સ્થાપના થયેલ છે. આ અધિનિયમના પ્રકરણ – ૩માં બોર્ડની સત્તા, ફરજો અને કાર્યોને નિયત કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ(૧૪) હેઠળ રાજય સરકારે ફાળવેલ રકમમાંથી સ્થાનિક સત્તામંડળોને આવકની સહાય અનુદાન રાજય સરકાર વતી વહેંચવાની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને સોંપવામાં આવેલ છે. સ્થાનિકસત્તામંડળોને લોન આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આવા સ્થાનિક સત્તા મંડળોની આવક વધારવા માટે ઉપાયો અને સાધનો વિષે સલાહ આપવી, તેમના દ્વારા લેવાતા વેરાની અને ફીની આકારણી અને વસુલાત વધુ સારી રીતે કેમ કરવી તે માટે પગલાંની ભલામણ કરવા, સ્થાનિક સત્તામંડળો દ્વારા ખર્ચમાં ઘટાડો કરવા અને અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવાની અને વહીવટી કાર્યરીતિ અને પધ્ધતિમાં સુધારો કરવાની બાબતોનો સમાવેશ કરવા બાબતે રાજયના એકત્રિત ફંડમાંથી સ્થાનિક સત્તામંડળોની આવકના સહાયક અનુદાનો માટે કયા સિધ્ધાંતો લાગુ પડવા તે વિષે રાજય સરકારને ભલામણ કરવાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત સદરહું અધિનિયમની કલમ(૩૦) હેઠળની અનુસૂચિમાં મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ સને–૧૯૪૯ ની કલમ ૧૨૬(એ)માં અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ(૧૪૪)માં સુધારો કરીને એવી જોગવાઇ કરવામાં આવી છે કે, રાજય સરકાર રાજય નાણાં આયોગની ભલામણો વિચારણામાં લીધા પછી ઉકત અધિનિયમોના હેતુઓ માટે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓનું નાણાંકીય ભંડોળ વધારવા તેમને કઇ અને કેટલી રકમની ગ્રાંટ આપવાની જરૂરત છે તે નકકી કરીને પ્રત્યેક વર્ષે આવી ગ્રાંટ આપશે. રાજય નાણાં આયોગની ભલામણોને ધ્યાનમાં લઇ અથવા અન્યથા રાજય સરકાર પ્રત્યેક પાંચ વર્ષની મુદત પછી તેમાં ફેરફારકરી શકશે.

સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન બોર્ડના અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓ નીચે મુજબ હતા.

ક્રમ	અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓના નામ	હોદ્દો
૧	અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	માન. અધ્યક્ષશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
૨	જગ્યા ખાલી	બિન સરકારી સભ્ય
૩	જગ્યા ખાલી	બિન સરકારી સભ્ય
૪	જગ્યા ખાલી	બિન સરકારી સભ્ય
૫	કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય ગાંધીનગર તથા અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી,GUDM તથા મેનેજીંગ ડીરેકટરશ્રી,GUDC	હોદ્દાની રૂએ સભ્ય
૬	અધિક કમિશ્નર, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન અને હોદ્દાની રૂએ CEO, GMFB	હોદ્દાની રૂએ સભ્ય સચિવ
૭	નાયબ સચિવશ્રી / નાણાંકીય સલાહકાર, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર	હોદ્દાની રૂએ સભ્ય
૮	નાયબસચિવશ્રી (બજેટ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	હોદ્દાની રૂએ સભ્ય

૨. નિયમો અને વિનિયમો

સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન જે નિયમ અને વિનિયમો અમલમાં હતા તે **પરિશિષ્ટ(૧)**માં આપવામાં આવેલ છે. તથા તા.૩૧–૦૩–૨૦૨૫ ના રોજ મહેકમની પરિસ્થિતિ **પરિશિષ્ટ(૨)**માં દર્શાવવામાં આવેલ છે.

(૧) સરકારશ્રીના પંચાયત ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ કેપી/૧૬૫/૭૯/મફબ/૧૨૭૯/૨૯૫૧/પી–૧,તા.૨૧/૦૭/૧૯૭૯અન્વયેગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની સ્થાપના તા.૨૪/૦૯/૧૯૭૯ થી કરવામાં આવેલ. આ જાહેરનામું અસાધારણ રાજયપત્ર ભાગ–૧/એ/સેન્ટ્રલ સેકશન પાના ૨૫૮/૨૫૯, તા.૨૪/૦૯/૧૯૭૯માં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

ભાગ – ૨

બોર્ડની આવક ખર્ચનો હિસાબ

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને સને ૨૦૨૪–૨૫ના નાણાકીય વર્ષ દરમ્યાન સરકારશ્રી તરફથી મળેલ ગ્રાંટ તથા તેમાંથી રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓ/ સ્થાનિક સંસ્થાઓને વિવિધ યોજનાઓ હેઠળ ચુકવવામાં આવેલ ગ્રાંટ/લોન અંતર્ગત થયેલ ખર્ચ/હિસાબોની વિગતો **પરિશિષ્ટ(૩)** માં દર્શાવેલ છે.

ભાગ – ૩

સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબ બોર્ડની બેઠક મળેલ હતી, તથા બેઠકમાં થયેલ અગત્યની કાર્યવાહીની વિગતો

અ.નં.	તારીખ	બેઠક ક્રમાંક
૧	૧૫–૦૪–૨૦૨૪	૧૪૪
૨	૩૦–૦૯–૨૦૨૪	૧૪૫

૧૪૪મી બોર્ડ બેઠકના ઠરાવોની સંક્ષિપ્ત વિગતો

ક્રમાંક	બોર્ડ બેઠક એજન્ડાનો વિષય / ઠરાવ
ઠરાવ ક્રમાંક : ૩	સને ૨૦૨૩–૨૪ના નાણાંકીય વર્ષ દરમ્યાન વિવિધ યોજનાઓ માટેની બજેટ જોગવાઇ અંતર્ગત સરકારશ્રી તરફથી મળેલ ગ્રાંટ તથા તેમાંથી થયેલ ખર્ચની વિગતોની (તા.૧–૪–૨૦૨૩ થી તા.૩૧–૦૩–૨૦૨૪ સુધીની) બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવી, જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.
ઠરાવ ક્રમાંક : ૪	સરકારશ્રીની સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા હાથ ધરાયેલ કામગીરી પેટે થયેલ ખર્ચને સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.

૧૪૫ મી બોર્ડ બેઠકના ઠરાવોની સંક્ષિપ્ત વિગતો

ઠરાવ ક્રમાંક : ૨	સને ૨૦૨૪–૨૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન વિવિધ યોજનાઓ માટેની બજેટ જોગવાઇ અંતર્ગત સરકારશ્રી તરફથી મળેલ ગ્રાંટ તથા તેમાંથી થયેલ ખર્ચની વિગતોની (તા.૧–૪–૨૦૨૪ થી તા.૨૦–૦૯–૨૦૨૪ સુધીની) બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવી, જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.

ઠરાવ ક્રમાંક : ૪	ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સને ૨૦૨૩–૨૪ના વાર્ષિક વહીવટી અહેવાલને બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવેલ જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.
ઠરાવ ક્રમાંક : ૫	ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સને ૨૦૨૩–૨૪ના વાર્ષિક હિસાબોને બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવેલ જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.
ઠરાવ ક્રમાંક : ૬	ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ખાતે નાયબ નિયમાક વર્ગ–૧ (ગ્રાંટ), નાયબ નિયામક વર્ગ–૧ (આંકડા), મદદનીશ નિયામક વર્ગ–૨ (ગ્રાંટ) અને મદદનીશ નિયામક વર્ગ–૨ (આંકડા) ની જગ્યા પર ચીફ ઓફીસરશ્રીની નિમણુંક કરવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને જણાવવા બાબતે બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવ્યો. જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.
ઠરાવ ક્રમાંક : ૭	ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની કચેરીની બિલ્ડીંગ ખૂબ જ જુની હોય બિલ્ડીંગનું રીનોવેશન કરાવવું ખૂબ જ જરૂરી હોય કુટીર અને ગ્રામોદ્યોગ હસ્તકની કચેરી, ગુજરાત ગ્રામોદ્યોગ નિગમ (ગ્રીમકો) ગાંધીનગર દ્વારા રીપેરીંગ તેમજ સંપૂર્ણ રીનોવેશનની કામગીરી કરાવવા બાબતે બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવ્યો. જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.
ઠરાવ ક્રમાંક : ૯	ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી, તુષાર શાહને મ્યુનિસિપલ એકાઉન્ટીંગ રૂલ્સનો ફાઇનલ ડ્રાફટ મુજબ હિસાબના નમુના તૈયાર કરવા માટે રૂ!. ૧૫.૦૦ લાખ તથા સરકારશ્રીના સૂચનનો અનુસાર સુધારા વધારા કરવા તથા તે મુજબના મ્યુનિસિપલ એકાઉન્ટ કોડ સરકારશ્રીમાં મંજુર થાય ત્યાં સુધી અથવા ૨૪ મહિના આ બન્નેમાંથી જે વહેલા થાય ત્યાં સુધી વર્ક ઓર્ડર આપ્યા તારીખના છ માસ પૂર્ણ થયા બાદના માસથી પ્રતિમાસ રૂ!. ૭૫,૦૦૦ + (લાગુ પડતા વેરા) બોર્ડને લગત એકાઉન્ટને લગત કામગીરી માટે ટેકનીકલ સપોર્ટ પુરો પાડવાની શરતે મંજુર કરવા બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવ્યો. જેને જાણમાં લઇ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી.

અધિક કમિશ્નરશ્રી–૫, મુખ્ય કારોબારી અધિકારીશ્રી GMFBના અધ્યક્ષપદે GMFBતરફથી અમલીકૃત અગત્યની યોજનાઓની પ્રગતિ / મોનીટરીંગ અંગે સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન છ ઝોનના પ્રાદેશિક કમિશ્નરશ્રીઓના વર્ગ–૧ ના ચીફ ઓફીસરશ્રીઓની યોજવામાં આવેલ માસિક સમીક્ષા બેઠકો બાબત.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, ૧૪/૧૫મું નાણાંપંચ યોજના, વ્યવસાયવેરા ગ્રાંટ તથા અન્ય અગત્યની યોજનાઓની ગ્રાંટ નગરપાલિકાઓ જે તે યોજનાની જોગવાઇઓ / ધોરણ અને હેતુઓ મુજબ વિકાસના કામો માટે ગ્રાંટનો ઉપયોગ સમયમર્યાદામાં કરી શકે તે માટે વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન દર માસે રાજયની છ પ્રાદેશિક કમિશ્નરશ્રીઓની કચેરીઓના વર્ગ–૧ ના ચીફ ઓફીસરની બેઠકો યોજવામાં આવેલ હતી.

ક્રમ	તારીખ	સ્થળ
૧	૨૪–૦૬–૨૦૨૪	કમિટી રૂમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ
૨	૨૨–૦૮–૨૦૨૪	
૩	૨૫–૦૯–૨૦૨૪	
૪	૧૯–૧૦–૨૦૨૪	
૫	૩૦–૧૧–૨૦૨૪	
૬	૩૦–૦૧–૨૦૨૫	
૭	૨૧–૦૨–૨૦૨૫	
૮	૨૯–૦૩–૨૦૨૫	

ઉપરોકત બેઠકોમાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના, આગવી ઓળખ ઘટક તથા આંતરમાળખાકીય વિકાસના મહત્વના કામો માટેની યોજના હેઠળ તથા ૧૪/૧૫મું નાણાંપંચ યોજના, વ્યવસાયવેરા ગ્રાંટ તથા અન્ય અગત્યની યોજનાઓની ગ્રાંટનો ઉપયોગ જે તે યોજનાની જોગવાઇઓ / ધોરણ અને હેતુઓ મુજબ વિકાસના કામો માટે સમયમર્યાદામાં અને ઝડપથી નિર્ણયો લઇને કરવા માટે અધિક કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન અને CEO GMFBતરફથી અગત્યનું માર્ગદર્શન તથા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન બોર્ડના અધિક કમિશ્નરશ્રી મ્યુનિસિપલ એડમીનસ્ટ્રેશન અને હોદ્દાની રૂએ CEO, GMFBના અધ્યક્ષ સ્થાને રાજયની ૮ મહાનગરપાલિકાઓના ડેપ્યુટીકમિશ્નરશ્રીઓ / સીટી ઇજનેરશ્રીઓ / નોડલ ઓફીસરશ્રીઓ સાથે યોજવામાં આવેલ સમીક્ષા બેઠકો.

ક્રમ	તારીખ	સ્થળ
૧	૨૪–૦૬–૨૦૨૪	કમિટી રૂમ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર
૨	૨૧–૦૮–૨૦૨૪	
૩	૨૬–૦૯–૨૦૨૪	
૪	૨૫–૧૦–૨૦૨૪	
૫	૩૧–૦૧–૨૦૨૫	
૬	૨૧–૦૨–૨૦૨૫	

ઉપરોકત બેઠકોમાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના, આગવી ઓળખ ઘટક તથા આંતરમાળખાકીય વિકાસના મહત્વના કામો માટેની યોજનાહેઠળ તથા ૧૪/૧૫મું નાંણાપંચ યોજના, વ્યવસાયવેરા ગ્રાંટ તથા અન્ય અગત્યની યોજનાઓની ગ્રાંટનો ઉપયોગ જે તે યોજનાની જોગવાઇઓ/ ધોરણ અને હેતુઓ મુજબ વિકાસના કામો માટે સમયમર્યાદામાં અને ઝડપથી નિર્ણયો લઇને કરવા માટે અધિક કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન અનેCEO, GMFB તરફથી અગત્યનું માર્ગદર્શન તથા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી.

ભાગ– ૪

વ્યવસાયિક કરની (૫૦%) આવકમાંથી રાજયની મહાનગરપાલિકા/ નગરપાલીકાઓને સને ૨૦૨૪–૨૫ના વર્ષની ગ્રાંટની ફાળવણી કરવા બાબત.

ગુજરાત રાજયની નાણાપંચની ભલામણ અનુસાર રાજયની સ્થાનિક સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ થયેલ વ્યવસાય વેરાની આવકમાંથી ૫૦ ટકા રકમ સ્થાનિક સંસ્થાઓને ગ્રાંટ તરીકે ફાળવવા માટે આ બોર્ડ હસ્તક મુકવામાં આવે છે. આ યોજના સને ૨૦૦૩–૦૪ નાણાંકીય વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે. આ ગ્રાંટમાંથી સ્થાનિક સંસ્થાઓના પાયાની ન્યુનત્તમ જરૂરિયાતના કામો કે મહત્વના વિકાસના કામો હાથ ધરવામાં આવે છે. સને ૨૦૨૪–૨૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન સરકારશ્રીના શહેરી વિકાસ અને શહરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી મહાનગરપાલિકા માટે રૂ!.૯૩૨૩.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી તથા નગરપાલિકા માટે રૂ!.૫૯૧૪.૦૦લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. ત્યારબાદ સરકારશ્રીના તા.૧૫–૩–૨૦૨૫ના ઠરાવથી નગરપાલિકાની રીવાઇઝ બજેટ રૂ!.૭૨૩૮.૦૦ લાખકરવામાં આવેલ છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની મળી કુલ રૂ!.૧૬૫૬૧.૦૦ લાખની રકમ બોર્ડને હવાલે મુકવામાં આવેલ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંક :	મહાનગરપાલિકા / નગરપાલિકા	રકમ રૂ!.
૧	UDUHD/MSM/e-file/18/2023/9911/P Section તા. ૧૫–૬–૨૦૨૪	મહા. ન.પા.	૨૩,૩૦,૦૦,૦૦૦
૨	UDUHD/MSM/e-file/18/2023/9911/P Section તા. ૩૧–૭–૨૦૨૪	મહા. ન.પા.	૨૩,૦૦,૦૦,૦૦૦
૩	UDUHD/MSM/e-file/18/2023/9911/P Section તા. ૨૬–૯–૨૦૨૪	મહા. ન.પા.	૨૫,૦૦,૦૦,૦૦૦
૪	UDUHD/MSM/e-file/18/2023/9911/P Section તા. ૨૯–૧૦–૨૦૨૪	મહા. ન.પા.	૧૭,૯૩,૦૦,૦૦૦
૫	UDUHD/MSM/e-file/18/2023/9911/P Section તા. ૩૦–૧૨–૨૦૨૪	મહા. ન.પા.	૪,૦૦,૦૦,૦૦૦
		મહા. ન.પા.નું કુલ	**૯૩,૨૩,૦૦,૦૦૦**
૧	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૧૦–૦૬–૨૦૨૪	ન.પા.	૧૪,૮૦,૦૦,૦૦૦
૨	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૨૬–૦૭–૨૦૨૪	ન.પા.	૧૪,૩૦,૬૮,૦૦૦
૩	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૨૫–૦૯–૨૦૨૪	ન.પા.	૧૪,૦૦,૦૦,૦૦૦
૪	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૨૧–૧૦–૨૦૨૪	ન.પા.	૧૦,૦૩,૦૨,૦૦૦
૫	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૩૧–૧૨–૨૦૨૪	ન.પા.	૬,૦૦,૦૦,૦૦૦
૬	UDUHD/bud/e-file/18/2024/1588/M તા. ૧૫–૦૩–૨૦૨૫	ન.પા.	૧૩,૨૪,૦૦,૦૦૦
		ન.પા.નું કુલ	**૭૨,૩૮,૦૦,૦૦૦**
		મહા. ન.પા. / ન.પા.નું એકંદરે કુલ	**૧૬૫,૬૧,૦૦,૦૦૦**

સરકારશ્રીના ઉકત તા.૧૧–૧૨–૨૦૦૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ વસુલાતના ૫૦ ટકા લેખે ચુકવવાની થાય છે, જે મુખ્ય રાજય વેરા કમિશ્નરશ્રી, અમદાવાદની કચેરી તા.૨૨–૧૦–૨૦૨૪ના પત્રથી મહાનગરપાલિકાઓની રૂ!.૧૧૫,૮૪,૬૨,૩૦૯/–ની વસુલાતની વિગતો રજુ કરેલ હતી. જેના ૫૦ ટકા લેખે રૂ!.૫૭,૯૨,૩૧,૧૫૭/–ની ગ્રાંટ મહાનગરપાલિકાઓને ફાળવવાની થતી હોય જે અત્રેની કચેરીના તા.૯–૧૧–૨૦૨૪ અને તા.૨૧–૧–૨૦૨૫ના દફતરી હુકમોથી ચુકવણી કરવામાં આવેલ છે.

સરકારશ્રી તરફથી આ યોજના હેઠળ મળેલ ગ્રાંટની રકમ સબંધિત સ્થાનિક સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ થયેલ વ્યવસાયવેરાની વર્ષ ૨૦૨૩–૨૪ની આવકની (વાણિજયકવેરા કચેરીના તા.૨૨–૧૦–૨૦૨૪ના પત્રથી મળેલ) વિગતોના આધારે, સરકારશ્રીના તા.૧૧–૧૨–૦૯–આર ઠરાવની જોગવાઇ તથા તા. ૧૫–૧૦–૨૦૦૩ના પત્ર ક્રમાંક : જીએફસી–૧૧૨૦૦૦–૨૧૯૦–આર અનુસાર વસુલાતના ૫૦ ટકાના ધોરણે રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકાઓને ફાળવવામાં આવેલ છે.

સરકારશ્રી તરફથી જે તે નાણાંકીય વર્ષ માટેની ગ્રાંટ બોર્ડ હસ્તક મુકયા બાદ તેની સમયસર ફાળવણી / ચુકવણી થઇ શકે તેમજ સ્થાનિક સંસ્થાઓ આંતરમાળખાકીય સુવિધાઓના તથા વિકાસના કામોનું આયોજન કરી શકે તે હેતુથી સ્થાનિક સંસ્થાઓને તેની ચુકવણી મહાનગરપાલિકાઓને તા.૦૯–૧૧–૨૦૨૪ અનેતા.૨૧–૦૧–૨૦૨૫ તથા નગરપાલિકાઓને તા.૦૯–૧૧–૨૦૨૪ અને તા.૨૧–૦૧–૨૦૨૫ના હુકમોથી કરી દેવામાં આવેલ છે. આ ગ્રાંટ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાતા.૧૧–૧૨–૦૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ સબંધિત ઝોનના પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાઓની કચેરીની વહીવટી મંજુરી મેળવીને વાપરવાની રહે છે.

ઉપરોકત વિગતે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને મળવાપાત્ર વ્યવસાયવેરાની ગ્રાંટમાંથી નીચે દર્શાવેલ વિગતે ૫૦ ટકાની મર્યાદામાં કપાત કરી બાકી રહેતી ગ્રાંટ સબંધિત મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ચુકવેલ છે.

ક્રમ	મહા.ન.પા. /ન.પા.	મળવાપાત્ર ગ્રાંટ રૂ!.	કપાત કરેલ રકમ રૂ!.	કપાત બાદ ચુકવેલ રકમ રૂ!.
૧	મહાનગરપાલિકાઓ	૫૭૯૨૩૧૧૫૭	૧૨૪૪૩૬૨૧	૫૬૬૭૮૭૫૩૬
૨	નગરપાલિકાઓ	૭૨૩૭૮૩૩૯૬	૫૯૫૬૧૬૮૮	૬૬૪૨૨૧૭૦૮
	કુલ	**૧૩૦૩૦૧૪૫૫૩**	**૭૨૦૦૫૩૦૯**	**૧૨૩૧૦૦૯૨૪૪**

મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વ્યવસાયવેરાની ચુકવેલ ગ્રાંટની વિગત આ સાથેના **પરિશિષ્ટ–૪ માં** દર્શાવેલ છે.

વધુંમા મુખ્ય રાજય વેરા કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદના તા.૨૨–૧૦–૨૦૨૪ના પત્રથી મળેલ વિગતો મુજબ રૂ!.૧૧૫,૮૪,૬૨,૩૦૯/–ના ૫૦ ટકા લેખે રૂ!.૫૭,૯૨,૩૧,૧૫૭/–ની ગ્રાંટ મહાનગરપાલિકાઓને ચુકવવામાં આવેલ છે તથા મહાનગરપાલિકા સદરે કુલ રૂ!.૯૩૨૩.૦૦ લાખની બજેટ જોગવાઇ પૈકી રૂ!.૫૭,૯૨,૩૧,૧૫૭/– બાદ કરતાં **રૂ!.૩૫,૩૦,૬૮,૮૪૩/–** ની રકમ બોર્ડ હસ્તક બચત રહેલ હતી. જેઆ બોર્ડના તા.૧૯–૩–૨૦૨૫ના કાર્યાલય આદેશ ક્રમાંક : મફબ/વ્ય.વેરા./ ૨૦૨૪–૨૫/૨૦૨૫/૩૧૨૦ થી સરકારશ્રીમાં જમા કરાવવામાં આવેલ છે.

ભાગ– ૫

રાજયની ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચુંટણી ખર્ચ માટેની સહાયક અનુદાન યોજના હેઠળ સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન ચુકવેલ ગ્રાંટની વિગત.

રાજય ચુંટણીપંચની ભલામણો અનુસાર રાજયની એક લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓનો ચુંટણી ખર્ચ રાજય સરકારે ભોગવવાનો થાય છે. તે અનુસંધાને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સને ૨૦૨૪–૨૫ ના વર્ષમાં નીચે જણાવેલ ઠરાવોથી કુલ રૂ.૨૫,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને હવાલે મુકવામાં આવેલ હતી.

ક્રમ	ઠરાવ ક્રમાંક	તારીખ	રકમ રૂ.
૧	UDUHD/bud/e-file/18/2024/1592/M	૧૦–૦૬–૨૦૨૪	૧૦,૦૦,૦૦૦
૨	UDUHD/bud/e-file/18/2024/1592/M	૨૬–૦૭–૨૦૨૪	૧૦,૦૦,૦૦૦
૩	UDUHD/bud/e-file/18/2024/1592/M	૨૭–૦૨–૨૦૨૫	૫,૦૦,૦૦૦
		કુલ	**૨૫,૦૦,૦૦૦**

સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન સરકારશ્રી દ્વારા આ બોર્ડના હવાલે મુકવામાં આવેલ ઉકતકુલ રૂ.૨૫,૦૦,૦૦૦/–ની ગ્રાંટમાંથી કોઇ ખર્ચ થયેલ નથી, પરંતુ અગાઉના વર્ષોની બચત રકમ રૂ.૬,૩૨,૪૨,૬૭૨/– ની ગ્રાંટમાંથી નીચે જણાવ્યા મુજબ કુલ રૂ.૫,૫૯,૫૯,૦૩૮/– નો ખર્ચ થયેલ છે.

(૧) સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન નગરપાલિકાઓમાં યોજાયેલ સામાન્ય/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ માટે સંબંધિત નગરપાલિકાઓને રૂ.૫,૪૫,૮૭,૫૦૦/– ની ગ્રાંટ ચુંટણી ખર્ચ સહાયક અનુદાન પેટે ચુકવવામાં આવેલ છે. જેની વિગત **પરિશિષ્ટ–૫ માં** દર્શાવેલ છે.

(૨) સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન નગરપાલિકાઓમાં યોજાયેલ સામાન્ય/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ માટે જરૂરીકુલ–૩૩૦૦ નંગ પાવરપેક (બેટરી) ની ખરીદી પેટે રૂ.૭,૪૭,૬૪૮/–ની રકમ ભારત ઇલેકટ્રોનિકસ લિમિટેડ, બેંગ્લોરને ચુકવેલ છે.

(૩) ફેબ્રુઆરી–૨૦૨૫માં યોજાયેલ નગરપાલિકાઓની ચુંટણી માટે જરૂરી ૧૦૪૩ મતકુટીરના છાપકામ માટે શ્રી ઓફસેટ, રાજકોટને૩.૬,૨૩,૮૯૦/–ની રકમચુકવેલ છે.

આમ આ યોજના હેઠળ સને ૨૦૨૪–૨૫માં એકંદરે કુલ રૂ.૫,૫૯,૫૯,૦૩૮/–ની ચુકવણી કરવામાં આવેલ છે.

ભાગ– ૬

નગર વિકાસ શ્રીનિધી લોન યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫માં ચુકવેલ લોન બાબત.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૮/૧૦/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃમફબ/૧૧૨૦૦૫/૬૦૭૮/આર થી મહાનગરપાલિકા/નગરપાલિકાઓ માટે રાજય સરકારશ્રી દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ આર્થિક રીતે સક્ષમ ન હોવા છતાં જુદી જુદી યોજનાઓમાંથી લોન મેળવીને વધુ જવાબદારી ઊભી ન કરે અને સરકારશ્રીનો શહેરી વિકાસનો લક્ષ્યાંક સિધ્ધ થઈ શકે તે માટે યુડીપી–૧૩ યુડીપી–૧૫ અને યુડીપી–૧૬ એવી ત્રણ યોજનાઓને ભેળવીને ૨૦૦૬–૦૭ના વર્ષથી નવી નગર વિકાસ શ્રીનિધી લોન યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના હેઠળ લોન મંજૂર કરવાની મર્યાદા રૂ!.૧૦૦ લાખની છે. જેનો વ્યાજનો દર ૫ ટકા છે. આ લોન નગરપાલિકાઓએ ૫ ટકાના વ્યાજે એક વર્ષના મોરીટોરીયમ પીરીયડ પછી ૧૦ વર્ષમાં વાર્ષિક સરખા હપ્તામાં પરત કરવાની રહે છે.

આ યોજના હેઠળ નીચેના હેતુઓના સમાવેશ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાઓ માટે નીચેના હેતુ પૈકી વળતર મળી શકે તેવા પ્રોજેકટો માટે લોન મંજુર કરી શકાય છે.

૧. જાહેર સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તી, વરસાદી પાણીની ગટર, ઘનકચરા નિકાલ અને વ્યવસ્થાપનના કામ રેઈન વોટર હાર્વેસ્ટીગ, તળાવના વિકાસ, કોમ્યુનિટી હોલના કામો વિગેરે.
૨. વળતર મળી શકે તેવા કામો જેવા કે શોપીંગ સેન્ટર, શાકભાજી ફળફળાદી, ફુલબજાર, રીક્રીએશન પાર્ક, વોટર પાર્ક, સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિગેરે.
૩. કોઈ યોજના માટે નગરપાલિકાઓને ભોગવવાની થતી સમાન ફાળાની રકમ પેટે
૪. નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામોના પ્રોજેકટની ગ્રાન્ટ સિવાયની બાકી અંદાજીત ખર્ચની રકમ મેળવવા માટે.
૫. બ્રીજલોન (સરકારશ્રીમાંથી કે બીજા જાહેર નિગમો કે બોર્ડ પાસેથી કોઈ ચોક્કસ યોજના માટે/ કામો માટે લોન અથવા ગ્રાન્ટ મંજૂર થયેલ હોય પરંતુ તે લોન અથવા ગ્રાન્ટ મળવામાં વિલંબ થાય તેમ હોય અને કામો શરૂ કરવા જરૂરી હોય તો ટુંકા ગાળા માટે લોન આપવા)
૬. આ ફંડના હેતુ સિવાયના હેતુ માટેની દરખાસ્ત સ્થાનિક સંસ્થા તરફથી મળે તો તેના સંજોગો તથા ગુણદોષોને આધારે સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવીને ખાસ કિસ્સા તરીકે લોન મંજુર કરવામાં આવે છે. તેમજ રૂ!.૧૦૦.૦૦ લાખથી વધુ રકમની લોન માટે સરકારશ્રીની મંજુરી મેળવીને લોન મંજુર કરવામાં આવે છે.

આ યોજના હેઠળ સને ૨૦૨૪–૨૫માં રૂા. ૧,૦૦,૦૦૦/– ની રકમની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી પરંતુ સદરહું ગ્રાંટની રકમ બોર્ડના હવાલે મુકવામાં આવેલ નથી.

આ યોજના હેઠળ સને ૨૦૨૪–૨૫ ના વર્ષમાં નીચે મુજબ લોનની ચુકવણી બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે.

ક્રમ	નગરપાલિકાનું નામ	મંજુર કરેલ રકમ રૂા.	હેતુ	તારીખ
૧	જંબુસર	૫૩,૦૦,૪૩૩	ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ થયેલ Special Civil Application No. 3400/2022માં તા.૦૭-૧૨-૨૦૨૩ના ઓરલ ઓર્ડર અન્વયે જંબુસર નગરપાલિકાના કર્મચારીઓને વળતરની ચુકવણી કરવા માટે	૧૪-૦૬-૨૦૨૪
૨	ગોંડલ	૨,૦૮,૪૮,૧૪૮	નવો બ્રીજ બનાવવાના કામ માટે નવો રસ્તો આંકવા ખાનગી માલિકીની જમીનના વળતર પેટે ચુકવવા	૦૩-૦૭-૨૦૨૪
૩	વલસાડ	૪,૦૭,૧૦,૦૦૦	વેજીટેબલ માર્કેટ	૦૩-૦૭-૨૦૨૪
૪	જેતપુર-નવાગઢ	૪૦,૦૦,૦૦૦	જમીન સંપાદનના વળતરની રકમ ચુકવણી કરવા માટે	૨૭-૦૯-૨૦૨૪
૫	પોરબંદર	૩,૦૦,૦૦,૦૦૦	નગરપાલિકામાં આઉટસોર્સીંગ એજન્સી મારફતે નિમવામાં આવેલ આઉટસોર્સીંગ કર્મચારીઓને માહે જુન- ૨૦૨૪ થી બાકી મહેનતાણાંની ચુકવણી	૨૪-૧૨-૨૦૨૪
૬	બગસરા	૭૦,૦૦,૦૦૦	નગરપાલિકામાં કર્મચારીઓને તેઓના બાકી પગાર માહે ઓગસ્ટ- ૨૦૨૪ થી ઓકટોબર-૨૦૨૪ સુધીના બાકી મહેનતાણાં ચુકવવા માટે	૨૪-૧૨-૨૦૨૪
	બગસરા	૧,૫૦,૦૦,૦૦૦	નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને તેઓના બાકી હક્ક હિસ્સાની રકમ ચુકવવા માટે તથા નગરપાલિકાના નિવૃત્ત થયેલ કર્મચારીઓને નિવૃત્તિ પછીના ગ્રેજ્યુઈટી, રૂપાંતરિત પગાર, રજા પગાર જેવા લાભો ચુકવવા માટે	૦૭-૦૧-૨૦૨૫
૭	મહુવા	૩,૫૦,૦૦,૦૦૦	IHSDP યોજનાના બાકી રહેલ બાંધકામ પૂર્ણ કરવા માટે	૦૭-૦૧-૨૦૨૫
૮	ચોટીલા	૨૫,૦૦,૦૦૦	નગરપાલિકાના કામ કરતાં આઉટસોર્સીંગ રોજમદાર કર્મચારીઓના પગાર ખર્ચ માહે - મે- ૨૦૨૪ થી ઓકટોબર-૨૦૨૪ના પગારના ચુકવણા માટે	૦૭-૦૧-૨૦૨૫
૯	કુતિયાણા	૪૦,૦૦,૦૦૦	નગરપાલિકાના નિવૃત્ત / અવસાન થયેલ કર્મચારીઓના હક્ક રજાની ચુકવણી, રોજમદાર / કરાર આધારિત કર્મચારીઓના માહે ઓકટોબર-૨૩ થી માહે ઓકટોબર-૨૪ સુધીના ૧૩ માસના પગાર ચુકવણી, કાયમી કર્મચારીઓના માહે એપ્રિલ- ૨૦૨૨ થી નવેમ્બર- ૨૦૨૨ સુધીના GPF/CPFતથા પી.એફ.લોન અને સંસ્થાના ફાળાની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા અને નિવૃત્ત / અવસાન થયેલ કર્મચારીઓના સરકારશ્રીમાં જમા કરાવવાની બાકી પેન્શન કોન્ટ્રીબ્યુશન સંસ્થા ફાળાની રકમ	૦૭-૦૧-૨૦૨૫
૧૦	રાપર	૯૧,૮૬,૦૦૦	નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓને ગ્રેજયુટી, રજા પગાર અને એરીયર્સની રકમ ચુકવવા માટે	૧૪-૦૨-૨૦૨૫
૧૧	ઉના	૧,૬૩,૫૬,૦૦૦	નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓને ગ્રેજયુટી, રજા પગારની રકમ ચુકવવા માટે	૧૮-૦૨-૨૦૨૫
૧૨	પાલીતાણા	૪,૦૯,૩૦,૧૯૮	નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓને ગ્રેજયુટી, રજા પગારની રકમ ચુકવવા માટે	૨૯-૦૩-૨૦૨૫
	કુલઃ-	**૨૩,૦૮,૩૦,૭૭૯**		

ભાગ– ૭

કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત ૧૫માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ની ફાળવેલ રકમ બાબત

કેન્દ્રીય નાણાપંચનો અહેવાલ ભારત સરકારે સ્વીકારેલ છે.તદ્ધઅનુસાર વર્ષ ૨૦૨૦–૨૧ થી ૨૦૨૫–૨૬ માં આ યોજના અમલમાં આવેલ છે.

રાજ્યની ૧૦ લાખથી ઓછી વસતિ ધરાવતી મહાનગરપાલિકા, નગરપાલિકા અને કેન્ટોન્ટમેન્ટ બોર્ડને આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટ પૈકી ૬૦ % ઉપયોગ ટાઈડ ગ્રાંટ(પાણી પુરવઠા - પીવાના પાણી, રેઈન વોટર હાર્વેસ્ટીંગ અને રિસાયકલિંગ સહિત અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) અને ૪૦ % અનટાઇડ ગ્રાંટનો ઉપયોગ **પગાર અને મહેકમ ખર્ચ સિવાય** સ્થાનિક જરૂરીયાત મુજબના કામો માટે થઇ શકે છે.

જયારે રાજ્યની ૧૦ લાખથી વધુ વસતી ધરાવતાં શહેરોને ફાળવેલ ગ્રાંટ પૈકી ૩૩.૩૩ ટકા રકમનો ઉપયોગ હવાની શુધ્ધતા માટે તથા ૬૬.૬૭ ટકા રકમ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે કરી શકશે.

૧૫માં નાણાપંચની યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ!.૧૩૪૯.૦૦ કરોડની બજેટ જોગવાઇ પૈકી રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા. ૭૪૭,૦૧,૫૪,૦૦૦/– ની રકમ વર્ષ ૨૦૨૩–૨૪ ની બાકી રહેલ રકમ નીચેની વિગતે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મુકવામાં આવેલ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંકઃ	તારીખ	સ્થાનિક સંસ્થા	સદર	રકમ
૧	UDUHD/FCS/e-file-18/2022/2215-1/Dh 1	૧૬–૦૪–૨૦૨૪	મ.ન.પા.	જનરલ	૧૩૩,૫૫,૮૧,૦૦૦
૨	UDUHD/FCS/e-file-18/2022/2215-2/Dh 1	૧૬–૦૪–૨૦૨૪	મ.ન.પા.	એસ.સી.પી.–૯૫	૧૦,૧૯,૧૯,૦૦૦
				કુલ	**૧૪૩,૭૫,૦૦,૦૦૦**
૩	UDUHD/FCS/e-file-18/2022/2215-1/Dh 1	૧૧–૦૬–૨૦૨૪	મ.ન.પા.	જનરલ	૧૨૪,૧૯,૨૯,૦૦૦
૪	UDUHD/FCS/e-file-18/2022/2215-2/Dh 1	૧૧–૦૬–૨૦૨૪	મ.ન.પા.	એસ.સી.પી.–૯૫	૯,૪૭,૭૧,૦૦૦
				કુલ	**૧૩૩,૬૭,૦૦,૦૦૦**
૫	UDUHD/FCS/e-file-18/2022/2215-1/Dh 1	૨૯–૧૦–૨૦૨૪	મ.ન.પા.	જનરલ	૨૪૪,૨૦,૬૧,૦૦૦
૬	UDUHD/FCS/e-file-18/2022/2215-2/Dh 1	૨૯–૧૦–૨૦૨૪	નગરપાલિકા	જનરલ	૪૯,૮૫,૨૭,૦૦૦
૭	UDUHD/FCS/e-file-18/2022/2215-3/Dh 1	૨૯–૧૦–૨૦૨૪	મ.ન.પા.	એસ.સી.પી.–૯૫	૧૮,૬૩,૫૫,૦૦૦
૮	UDUHD/FCS/e-file-18/2022/2215-4/Dh 1	૨૯–૧૦–૨૦૨૪	ન.પા.	એસ.સી.પી.–૯૫	૩,૮૦,૪૩,૦૦૦
૯	UDUHD/FCS/e-file-18/2022/2215-5/Dh 1	૨૯–૧૦–૨૦૨૪	ન.પા.	ટી.એ.એસ.પી.–૯૬	૬,૮૧,૬૭,૦૦૦
				કુલ	**૩૨૩,૩૧,૫૩,૦૦૦**
૧૦	UDUHD/FCS/e-file-18/2022/2215-1/Dh 1/PF1	૦૧–૦૩–૨૦૨૫	મ.ન.પા.	જનરલ	૧૩૫,૯૦,૮૮,૦૦૦
૧૧	UDUHD/FCS/e-file-18/2022/2215-2/Dh 1/PF1	૦૧–૦૩–૨૦૨૫	મ.ન.પા.	એસ.સી.પી.–૯૫	૧૦,૩૭,૧૩,૦૦૦
				કુલ	**૧૪૬,૨૮,૦૧,૦૦૦**
				એકંદરે કુલ	**૭૪૭,૦૧,૫૪,૦૦૦**

ઉપરોકત હકીકતે રાજય સરકારશ્રી દ્વારા બોર્ડના હવાલે મુકવામાં આવેલ રકમ રૂા.૭૪૭,૦૧,૫૪,૦૦૦/– ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ વિગતે હુકમો કરવામાં આવેલ છે.

ક્રમ	દફતરી હુકમ નંબર અને તારીખ	ઘટક યોજના	ચુકવેલ રકમ
૧	ક્રમાંક: મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/એર કવોલીટી ૨૦૨૩–૨૪/૨૦૨૪/૭૧૨૨, તા.૨૨–૦૪–૨૦૨૪	જનરલ – ૧૦૨	૧૩૩,૫૫,૮૧,૦૦૦
		એસ.સી.પી– ૯૫	૧૦,૧૯,૧૯,૦૦૦
		કુલ	**૧૪૩,૭૫,૦૦,૦૦૦**
૨	ક્રમાંક : મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/એર કવોલીટી ૨૦૨૩–૨૪/૨૦૨૪/૮૮૪૦, તા.૧૪–૦૬–૨૦૨૪(પર્ફોર્મન્સ ગ્રાંટ)	જનરલ – ૧૦૨	૧૨૪,૧૯,૨૯,૦૦૦
		એસ.સી.પી– ૯૫	૯,૪૭,૭૧,૦૦૦
		કુલ	**૧૩૩,૬૭,૦૦,૦૦૦**
૩	ક્રમાંક: મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/SWM/૨૦૨૩–૨૪/૧૮૧૫૩, તા.૧૨–૧૧–૨૦૨૪ (પ્રથમ હપ્તો)	જનરલ – ૧૦૨	૧૮૯,૧૩,૪૨,૦૦૦
		એસ.સી.પી– ૯૫	૩૧,૦૫,૬૬,૦૦૦
		કુલ	**૨૨૦,૧૯,૦૮,૦૦૦**
૪	ક્રમાંક: મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/અનટાઇડ ગ્રાંટ/૨૦૨૩–૨૪/૧૮૧૬૦, તા.૧૨–૧૧–૨૦૨૪	જનરલ–૧૦૨, મ.ન.પા.	૧૩,૨૭,૫૦,૦૦૦
		જનરલ–૧૦૨, ન.પા.	૨૨,૫૧,૬૭,૦૦૦
		એસ.સી.પી– ૯૫ મ.ન.પા.	૧,૦૧,૩૦,૦૦૦
		એસ.સી.પી– ૯૫ ન.પા.	૧,૭૧,૮૪,૦૦૦
		ટી.એ.એસ.પી– ૯૬ ન.પા.	૨,૭૨,૬૭,૦૦૦
		કુલ	**૪૧,૨૪,૬૮,૦૦૦**
૫	ક્રમાંક: મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/ટાઇડ ગ્રાંટ/૨૦૨૩–૨૪/૧૮૧૬૯, તા. ૧૨–૧૧–૨૦૨૪	જનરલ–૧૦૨, મ.ન.પા.	૧૬,૬૧,૨૫,૦૦૦
		જનરલ–૧૦૨, ન.પા.	૩૩,૭૭,૫૩,૦૦૦
		એસ.સી.પી– ૯૫ મ.ન.પા.	૧,૫૧,૬૫,૦૦૦
		એસ.સી.પી– ૯૫ ન.પા.	૨,૫૭,૭૪,૦૦૦
		ટી.એ.એસ.પી– ૯૬ ન.પા.	૪,૦૬,૦૦,૦૦૦
		કુલ	**૬૧,૮૭,૪૭,૦૦૦**
૬	ક્રમાંક: મફબ/ચુ.૨/૧૫મું નાણાપંચ/SWM/૨૦૨૩–૨૪/૨૮૧૨, તા. ૨૧–૨–૨૦૨૫ (બીજો હપ્તો)	જનરલ – ૧૦૨	૧૩૫૬૦૮૮૦૦૦
		એસ.સી.પી– ૯૫	૧૦૩૭૧૩૦૦૦
		કુલ	**૧૪૬,૨૮,૦૧,૦૦૦**
		એકંદરે કુલ	**૭૪૭,૦૧,૫૪,૦૦૦**

ઉપરોકત હુકમોથી ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોને હવાની શુધ્ધતા માટે રૂા.૨૭૭.૪૨ કરોડ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) માટે રૂા. ૩૬૬.૪૭૦૯ કરોડ તથા ૧૦ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોને ટાઇડ ગ્રાંટ રૂા.૬૧.૮૭૪૭ કરોડ તથા અનટાઇડ ગ્રાંટ રૂા.૪૧.૪૪૬૮ મળી કુલ રૂા.૭૪૭.૦૧૫૪ કરોડ રાજયનીમહાનગરપાલિકા / નગરપાલિકાવાર ચુકવેલ વિગતો **પરિશિષ્ટ–૬માં** દર્શાવેલ છે.

ભાગ – ૮

વીજબીલ પ્રોત્સાહન યોજના: વર્ષ ૨૦૨૪–૨૫

રાજ્યની નગરપાલિકાઓ પોતાના આવકના અપૂરતાસ્ત્રોતના પરિણામે બાકી વીજ બીલના બિલની રકમ ભરવામાં ઘણીવાર મૂશ્કેલીઓ અનુભવે છે. નગરપાલિકાઓનેઆવી મૂશ્કેલીઓમાં સહાયરૂપ થવા ભંડોળ નિધિ ઉભુ કરવા તથા આ ભંડોળમાંથી નગરપાલિકાઓ દ્વારા પોતાના બાકી વીજળીના બીલ સમયથી ભરવા વીજબીલની રકમ જેટલી વ્યાજ સિવાયની લોન મેળવી શકે તે હેતુ થીશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૬–૩–૨૦૨૫ ના ઠરાવથીવર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં ચાલુ બાબત –વીજબીલ પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. સદરહું યોજના હેઠળ નીચે જણાવ્યા મુજબની ગ્રાંટ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મુકવામાં આવેલ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંકઃ	તારીખ	રકમ રૂા. કરોડમાં
૧	UDUHD/bud/e-file/18/2023/9831/M	૨૪–૫–૨૦૨૪	૩૦.૦૦
૨	UDUHD/bud/e-file/18/2023/9831/M	૧૬–૭–૨૦૨૪	૩૦.૦૦
૩	UDUHD/bud/e-file/18/2023/9831/M	૨૫–૯–૨૦૨૪	૩૦.૦૦
૪	UDUHD/bud/e-file/18/2023/9831/M	૦૩–૦૧–૨૦૨૫	૩૪.૦૦
		કુલ	**૧૨૪.૦૦**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૬–૩–૨૦૨૫ ઠરાવની શરત નં.–૬ અને ૭ની જોગવાઇઓ ધ્યાને લઇ ગ્રાંટ રીલીઝ કરવા તથા તે અંગેનું જરૂરી મોનીટરીંગ કરવા જણાવેલ છે. જે અન્વયે નીચે જણાવેલ નગરપાલિકાઓને આ બોર્ડના તા.૧૯–૧૧–૨૦૨૪ના હુકમથી રૂા.૯૯,૦૫,૦૦,૦૦૦/– તથા તા.૩–૨–૨૦૨૫ના દફતરી હુકમથી રૂા.૩૪,૦૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૧,૨૪,૦૫,૦૦,૦૦૦/– ચુકવણી કરવામાં આવેલ છે.

ક્રમ	ઝોન/નગરપાલિકાનુંનામ	ચુકવવાની થતીરકમ (રૂા.)
૧	૨	૩
	રાજકોટ ઝોન	
૧	માંડવી(ક)	૬૨૨૦૦૦૦૦
૨	રાણાવાવ	૪૮૭૦૦૦૦૦
૩	પોરબંદર–છાંયા	૩૩૫૦૦૦૦૦
૪	મુંદ્રા–બારોઇ	૨૮૮૦૦૦૦૦
૫	કુતિયાણા	૨૪૮૦૦૦૦૦
૬	ગોંડલ	૨૩૫૦૦૦૦૦
૭	નખત્રાણા	૧૨૧૦૦૦૦૦
૮	સિક્કા	૧૦૫૦૦૦૦૦
૯	મોરબી	૮૫૭૦૦૦૦૦
	કુલ	**૩૨૯૮૦૦૦૦૦**

ક્રમ	ઝોન/નગરપાલિકાનું નામ	ચુકવવાની થતી રકમ (રૂ.)
	અમદાવાદ ઝોન	
૧૦	ધાંગધ્રા	૧૪૫૯૦૦૦૦
૧૧	ઠાસરા	૧૦૦૦૦૦૦
૧૨	લીંબડી	૨૦૦૦૦૦૦
૧૩	કણજરી	૭૧૦૦૦૦
૧૪	બાવળા	૭૫૭૦૦૦૦
૧૫	નડીયાદ	૫૩૮૦૦૦૦
	કુલ	**૩૧૨૫૦૦૦૦**
	ગાંધીનગર ઝોન	
૧૬	ડીસા	૮૯૩૦૦૦૦
૧૭	દહેગામ	૫૦૧૦૦૦૦
૧૮	ચાણસ્મા	૨૭૩૦૦૦૦
૧૯	તલોદ	૭૫૦૦૦૦
૨૦	ઘાનેરા	૩૮૪૦૦૦૦
૨૧	પ્રાંતિજ	૧૨૧૦૦૦૦
૨૨	બાયડ	૩૨૦૦૦૦
૨૩	પાટણ	૩૦૩૦૦૦૦
	કુલ	**૨૫૮૨૦૦૦૦**
	ગાંધીનગર ઝોન	
૨૪	પાટણ	૧૧૪૦૦૦૦
૨૫	વડાલી	૨૨૦૦૦૦
૨૬	સિદ્ધપુર	૫૯૯૦૦૦૦
૨૭	હારીજ	૪૭૮૦૦૦૦
૨૮	પાલનપુર	૨૨૧૦૦૦૦
	કુલ	**૧૪૩૪૦૦૦૦**
	ભાવનગર ઝોન	
૨૯	સુત્રાપાડા	૫૦૦૦૦
૩૦	બાંટવા	૨૯૬૦૦૦૦
૩૧	દામનગર	૮૦૦૦૦૦
૩૨	વલ્લભીપુર	૯૬૦૦૦૦
૩૩	કોડીનાર	૯૧૦૦૦૦
૩૪	ઉના	૧૧૭૦૦૦૦
૩૫	માંગરોળ	૪૧૯૦૦૦૦
૩૬	રાજુલા	૨૮૧૦૦૦૦
૩૭	માણાવદર	૨૯૪૦૦૦૦
૩૮	બાબરા	૨૮૭૦૦૦૦
	કુલ	**૧૬૬૬૦૦૦૦**
		૧,૨૪,૦૫,૦૦,૦૦૦

ભાગ– ૯

જમીન મહેસુલ બીનખેતી આકારની ગ્રાંટ તથા લોકલફંડ ઈરીગેશન સેસની નગરપાલિકા/મહાનગરપાલિકાઓને સને ૨૦૨૪–૨૫ના વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાંટ

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૧/૧૨/૨૦૦૯ ના ઠરાવથી, જમીન મહેસુલ બીનખેતી આકારની ગ્રાંટ તથા લોકલફંડ અને ઈરીગેશન સેસ યોજનાની ગ્રાંટ **વસ્તી અને વિસ્તારના આધારે ફાળવવાનું ઠરાવેલ છે.**

સને ૨૦૨૪–૨૫ ના નાણાંકીય વર્ષની બજેટ જોગવાઈ મુજબ **જમીન મહેસુલ /બીનખેતી આકારની રૂ.૫,૦૦,૦૦,૦૦૦/– તથા લોકલ ફંડ અને ઈરીગેશન સેસની રૂ.૩,૨૦,૦૦,૦૦૦/– ની ગ્રાંટ** મળી કુલ રૂ.૮,૨૦,૦૦,૦૦૦/– ની ગ્રાંટ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ બોર્ડના હવાલે મુકવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંક	તારીખ	રકમ રૂ.
૧	UDUHD/bud/e-file/18/2023/ 9721/M	તા.૧૦–૦૬–૨૦૨૪	૮૦,૦૦,૦૦૦
૨	UDUHD/bud/e-file/18/2023/ 9721/M	તા.૨૨–૦૭–૨૦૨૪	૮૦,૦૦,૦૦૦
૩	UDUHD/bud/e-file/18/2023/9721/M	તા. ૨૧–૧૦–૨૦૨૪	૧,૬૦,૦૦,૦૦૦
		કુલ	**૩,૨૦,૦૦,૦૦૦**
૧	UDUHD/MSM/e-file/18/2024/4309/P Section	તા.૧૫–૦૬–૨૦૨૪	૨,૦૦,૦૦,૦૦૦
૨	UDUHD/MSM/e-file/18/2024/4309/P Section	તા.૧૫–૦૭–૨૦૨૪	૨,૦૦,૦૦,૦૦૦
૩	UDUHD/MSM/e-file/18/2024/4309/P Section	તા.૨૮–૧૦–૨૦૨૪	૧,૦૦,૦૦,૦૦૦
		કુલ	**૫,૦૦,૦૦,૦૦૦**
		મ.ન.પા./ન.પા.નું એકંદરે કુલ	**૮,૨૦,૦૦,૦૦૦**

સરકારશ્રી દ્વારા આ બોર્ડના હવાલે મુકવામાં આવેલ ઉકત કુલ રૂ.૮,૨૦,૦૦,૦૦૦/–ની ગ્રાંટ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ફાળવણી કરી તેમાંથી મહાનગરપાલિકા/ નગરપાલિકાઓના રૂ!.૮૧,૬૮,૯૬૫/–ની બાકી લ્હેણાં પેટેની રકમ કપાત કરી રૂ!.૭,૩૮,૩૧,૦૩૫/–ની રકમ મહાનગરપાલિકા/ નગરપાલિકાઓને આ બોર્ડના તા.૦૩/૦૮/૨૦૨૪ અને તા.૨૧–૦૧–૨૦૨૫ના દફ્તરી હુકમોથી ચુકવણી કરવામાં આવેલ છે. જેની વિગતો **પરિશિષ્ટ–૭** માં દર્શાવેલ છે.

ભાગ– ૧૦

પ્રાથમિક શિક્ષણ માટે નગરપાલિકા/મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન પેટે ચુકવવામાં આવેલ શિક્ષણ ઉપકર ગ્રાંટ –વર્ષ ૨૦૨૪–૨૫

આ યોજના રાજ્ય સરકારશ્રી તરફથી સને ૧૯૬૨ થી અમલમાં મુકવામાં આવેલ છે, અને આ યોજના નગરપાલિકા અને મહાનગરપાલિકા બંનેને લાગુ પડે છે. આ યોજના હેઠળ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે નગરપાલિકા/મહાનગરપાલિકાઓને નાણાંકીય સહાયની જોગવાઇ કરવામાં આવે છે. ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ–૧૯૬૨ અનુસાર શહેરી વિસ્તારોમાં જમીન તેમજ મિલકતો ઉપર ઉપકર ઉઘરાવીને વસુલ કરવામાં આવેલ કરનો ભાગ સ્થાનિક સંસ્થાઓને શાળાઓ અને પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે આપવામાં આવે છે. આ યોજના હેઠળ સ્થાનિક સંસ્થાઓ પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે મૂડીજન્ય કામો કરી શકે છે. આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ નાણાંકીય સહાય ૧૦૦% અનુદાન તરીકે ગણવામાં આવે છે. આ યોજના હેઠળ ૭૫ થી ૧૦૦% સુધીની ગ્રાંટની ફાળવણી નગરપાલિકા/ મહાનગરપાલિકાની શિક્ષણ ઉપકરની વસુલાતની ટકાવારી ધ્યાનમાં લઇને કરવામાં આવે છે. તેમજ જે નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ શિક્ષણની જવાબદારી સંભાળતી ન હોય તેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વસુલ કરેલ શિક્ષણ ઉપકરના ૫% રકમ અનુદાન તરીકે આપવામાં આવે છે અને ૭૫% રકમ સંબંધિત જીલ્લા પંચાયતને શૈક્ષણિક પ્રવૃતિને ઉત્તેજન આપવા/વિકાસ કરવા માટે આપવામાં આવે છે.

ઉપરોકત યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી મહાનગરપાલિકાઓ માટે રૂ.૪૦૬,૪૬,૦૦,૦૦૦/– તથા નગરપાલિકાઓ માટેરૂ.૩૩,૦૦,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટ મળી કુલ રૂ.૪૩૯,૪૬,૦૦,૦૦૦/– ની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મુકવામાં આવેલ હતી, જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંક	મહા.ન.પા./ન.પા.	રકમ રૂ.
૧	UDUHD/MSM/e-file/18/2024/4310/P Section, ૧૫/૦૬/૨૦૨૪	મહા.ન.પા.	૯૮,૨૫,૦૦,૦૦૦
૨	UDUHD/MSM/e-file/18/2024/4310/P Section, ૧૬/૦૭/૨૦૨૪	મહા.ન.પા.	૧૧૦,૦૦,૦૦,૦૦૦
૩	UDUHD/MSM/e-file/18/2024/4310/P Section,૧૨/૦૮/૨૦૨૪	મહા.ન.પા.	૪૮,૭૫,૦૦,૦૦૦
૪	UDUHD/MSM/e-file/18/2024/4310/P Section,૨૯/૧૦/૨૦૨૪	મહા.ન.પા.	૮૦,૦૦,૦૦,૦૦૦
૫	UDUHD/MSM/e-file/18/2024/4310/P Section,૧૮/૦૩/૨૦૨૫	મહા.ન.પા.	૬૯,૪૬,૦૦,૦૦૦
		મહા.ન.પા.નું કુલ	**૪૦૬,૪૬,૦૦,૦૦૦**
૧	UDUHD/bud/e-file/18/2023/9678/M, ૧૦/૦૬/૨૦૨૪	ન.પા.	૧૦,૦૦,૦૦,૦૦૦

ક્રમ	ઠરાવ ક્રમાંક	મહા.ન.પા./ન.પા.	રકમ રૂ.
૨	UDUHD/bud/e-file/18/2023/9678/M, ૧૮/૦૭/૨૦૨૪	ન.પા.	૧૦,૦૦,૦૦,૦૦૦
૩	UDUHD/bud/e-file/18/2023/9678/M, ૨૨/૧૦/૨૦૨૪	ન.પા.	૧૨,૦૦,૦૦,૦૦૦
૪	UDUHD/bud/e-file/18/2023/9678/M, ૧૯/૦૩/૨૦૨૫	ન.પા.	૧,૦૦,૦૦,૦૦૦
		ન.પા.નું કુલ	**૩૩,૦૦,૦૦,૦૦૦**
		ન.પા./મ.ન.પા.નું એકંદરે કુલ	**૪૩૯,૪૬,૦૦,૦૦૦**

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી મળેલઉકત કુલ **રૂ.૪૩૯,૪૬,૦૦,૦૦૦/–**ની ગ્રાન્ટ તથા અગાઉના વર્ષની બચત રકમ **રૂ.૧,૪૩,૭૯૧/–** મળી કુલ **રૂ.૪૩૯,૪૭,૪૩,૭૯૧/–**ની ગ્રાન્ટની ચુકવણી રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકાઓને તથા જીલ્લા પંચાયતોને કરવામાં આવેલ છે. જેની વિગત **પરિશિષ્ટ–૮માં** દર્શાવેલ છે.

ભાગ– ૧૧

વર્ષ ૨૦૨૪–૨૫માટે બુનિયાદી મુડી અને પગાર ભથ્થા માટે નગરપાલિકાઓને ચુકવેલ સહાયક અનુદાન

આ યોજના હેઠળ રાજયની નગરપાલિકાઓને તેમના મંજુર થયેલા માન્ય મહેકમ માટે કરેલ ખર્ચ માટે નિયત ધોરણો મુજબ ગ્રાંટ ચુકવવામાં આવે છે. આ યોજના હેઠળ સને ૨૦૦૮–૦૯ના વર્ષથી રાજયની નગરપાલિકામાં ક્ષેત્રફળ આધારીત વેરાની વસુલાતની પધ્ધતિ દાખલ કરવામાં આવતા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૩/૧૨/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ મફબ/૧૨૨૦૧૭/૫૨૮૧/આર થી રાજયની નગરપાલિકાઓને બુનિયાદી મૂડી પગાર ભથ્થા ગ્રાંટ ફાળવણી બાબતે નવી ફોર્મ્યુલા મુજબ વર્ષ ૨૦૧૧ ની વસ્તીના આંકડાના આધારે માથાદીઠ રૂ.૮૧/– ની રકમ અથવા નગરપાલિકાઓ દ્વારા વસુલ થયેલ મિલકત વેરાની ટકાવારી એ બે માંથી જે વધારે હોય તે રકમ પગાર ભથ્થા ગ્રાંટ તરીકે ચુકવણી કરવામાં આવતી હતી.

ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૭/૩/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ UDUHD/WRT/e-file/18/2022/4451/R થી રાજયની નગરપાલિકાઓને બુનિયાદી મૂડી પગાર ભથ્થાની ગ્રાંટ ફાળવવા અંગેના નવા ધોરણો નક્કી કરવામાં આવેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

રાજયની નગરપાલિકાઓને બુનિયાદી મૂડી પગાર ભથ્થા ગ્રાંટ ફાળવવાના ધોરણો

૧. વર્ષની વસુલ થયેલ મિલકત વેરાની રકમની ટકાવારી મુજબ મળવાપાત્ર ગ્રાંટ

ક્રમ	વસુલ થયેલ મિલકત વેરાની ટકાવારી	ન.પા.ને મંજુર અને માન્ય મહેકમ ખર્ચની રકમના આધારે મળવાપાત્ર અનુદાનનો દર
૧	૯૦ ટકાથી વધારે વસુલાત	૭૦ ટકા
૨	૭૦ ટકા થી ૯૦ ટકા સુધીની વસુલાત	૫૫ ટકા
૩	૬૦ ટકા કે તેથી વધારે અને ૭૦ ટકાથી ઓછી વસુલાત	૪૦ ટકા
૪	૬૦ ટકાથી ઓછી વસુલાત	૩૦ ટકા

૨. વર્ષ ૨૦૧૧નીવસ્તીના આંકડાના આધારે માથાદીઠ રૂા.૧૦૫/– લેખે ચુકવવાના રહે છે.

ઉપરોકત ધોરણો **(૧) અને (૨) પૈકી જે રકમ વધારે થાય** તે મુજબની ગ્રાંટ બુનિયાદી મૂડી અને પગાર ભથ્થા ગ્રાંટ તરીકે રાજયની નગરપાલિકાઓને ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે અને આ નવા ધોરણનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૩ થી કરવાનો રહેશે. તેવું ઠરાવેલ છે.

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫માટે રૂા. ૧૩૫.૦૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. ત્યારબાદ રીવાઇઝ બજેટ રૂ!.૭૦.૦૦ કરોડ મળી કુલ **રૂ!. ૨૦૫.૦૦ કરોડની** રકમ બોર્ડને હવાલે મુકવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	ઠરાવ નં.	તારીખ	રકમ રૂ. કરોડ
૧	ક્રમાંકઃUDUHD/BAR/e-flie/18/2023/9810/R	૧૮–૫–૨૦૨૪	૩૩.૭૫
૨	ક્રમાંકઃUDUHD/BAR/e-flie/18/2023/9810/R	૧૮–૭–૨૦૨૪	૩૩.૭૫
૩	ક્રમાંકઃUDUHD/BAR/e-flie/18/2023/9810/R	૨૧–૧૦–૨૦૨૪	૬૭.૫૦
૪	ક્રમાંકઃUDUHD/BAR/e-flie/18/2023/9810/R	૧૭–૩–૨૦૨૫	૭૦.૦૦
		કુલ	**૨૦૫.૦૦**

આ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ની બચત રકમ રૂ!.૨,૯૫,૪૮,૧૨૦/– ચાલુ વર્ષની મળેલ રકમ રૂ!.૨૦૫,૦૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂ!.૨૦૭,૯૫,૪૮,૧૨૦/– ની રકમ બોર્ડ પાસે ઉપલબ્ધ રહેલ હતી. જે પૈકી આધાર વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ની બાકી રહેલ નગરપાલિકાઓને ચુકવેલ રૂ!.૧,૭૮,૪૦,૩૦૮/– તથા આધાર વર્ષ ૨૦૨૩–૨૪ની મળેલ દરખાસ્તો અન્વયે રૂ!.૧,૪૯,૭૮,૯૪,૫૨૫/– અને ચીફ ઓફિસરશ્રી આશિષ દરજીને પ્રતિક્ષા સમયગાળાના પગાર ભથ્થા પેટે રૂ!. ૩,૭૯,૫૨૦/– તથા નિવૃત્ત ચીફ ઓફીસરશ્રી તિલક શાસ્ત્રીને રૂ!.૧૫,૭૩,૧૦૦/– તથા શ્રીમતી મીતા બ્રહ્મભટ્ટને મોંઘવારી તફાવતના રૂ!.૨૪,૭૨૦/– તથા શ્રી પંકજ બારોટને રજા પગાર પેટે રૂ!.૧૩,૮૦,૬૦૦/– તથા શ્રી મયુર જોષી ચીફ ઓફીસરશ્રીને પગાર ભથ્થા પેટે રૂ!.૩,૯૫,૨૬૦/– મળી કુલ રૂ!.૧૫૧,૯૪,૮૮,૦૩૩/– ની ચુકવણી કરવામાં આવેલ છે. જેની વિગતો **પરિશિષ્ટ–૯** માં દર્શાવેલ છે.

ભાગ– ૧૨

ગુડ ગવર્નન્સ ઇનીશીયેટીવ (સુશાસન) યોજના

નગરપાલિકાઓની સુશાસન યોજના હેઠળ નીચે મુજબ દર્શાવેલ પેટા યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) કર્મચારી વર્ગને તાલીમ પુરી પાડી શહેરી સ્થાનિક સંસ્થાઓને સંગીન બનાવવાની યોજના.

(૨) શ્રેષ્ઠ નગરપાલિકા પસંદગી સ્પર્ધા યોજના.

આ યોજના હેઠળ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી બજેટ જોગવાઈ મુજબ નીચે વિગતે ૩.૫૦,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને હવાલે મુકવામાં આવેલ છે.

ક્રમ	ઠરાવ ક્રમાંકઃ	તારીખ	રકમ રૂ. લાખમાં
૧	UDUHD/bud/e-file/18/2024/1591/M	તા.૧૦/૦૬/૨૦૨૪	૧૨,૦૦,૦૦૦
૨	UDUHD/bud/e-file/18/2024/1591/M	તા.૨૬/૦૭/૨૦૨૪	૧૫,૦૦,૦૦૦
૩	UDUHD/bud/e-file/18/2024/1591/M	તા.૨૧/૧૦/૨૦૨૪	૧૨,૦૦,૦૦૦
૪	UDUHD/bud/e-file/18/2024/1591/M	તા.૨૬/૦૭/૨૦૨૪	૧૧,૦૦,૦૦૦
		કુલ–	**૫૦,૦૦,૦૦૦**

ઉપરોકત ઘટક યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫માં હાથ ધરેલ કાર્યવાહીની વિગત નીચે પ્રમાણે છે.

(૧) કર્મચારી વર્ગને તાલીમ પુરી પાડી શહેરી સ્થાનિક સંસ્થાઓને સંગીન બનાવવાની યોજનાઃ–

નગરપાલિકાઓની સુશાસન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ માં કર્મચારી વર્ગ અને તાલીમ પુરી પાડી શહેરી સ્થાનિક સંસ્થાઓને સંગીન બનાવવાની યોજના હેઠળ નીચે દર્શાવેલ વિગતે કામગીરી થયેલ છે.

(૧) ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંકઃ૧૧/૨૦૨૨–૨૩ થી ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ–૩ ની જગ્યાએ સીધી ભરતી માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે પસંદ કરાયેલ ઉમેદવારો પૈકી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળની મુખ્ય અધિકારી વર્ગ–૩ તરીકે કુલ–૦૭ ઉમેદવારોને સીધી ભરતીથી અજમાયશી ધોરણે ૩.૩૯,૯૦૦– ૩.૧,૨૬,૬૦૦/– Pay Matrix Level-7 ના પગાર ધોરણમાં સંસ્થાકિય તાલીમ તથા ક્ષેત્રીય તાલીમ દરમ્યાનના પગાર ભથ્થા પેટે **૩.૩૩,૪૭,૧૧૬**/– ચુકવવામાં આવેલ છે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૩ના હુકમથી ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંકઃ૧૪/૨૦૨૨–૨૩ થી મ્યુનિસિપલ એકાઉન્ટસ્ ઓફિસર, વર્ગ–૨ ની જગ્યા માટે લીધેલ સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે પસંદ કરાયેલ કુલ–૦૪ ઉમેદવારોને સીધી ભરતીથી અજમાયશી ધોરણે ૩.૪૪,૯૦૦– ૩.૧,૪૨,૪૦૦/– Pay Matrix Level-8 ના પગાર ધોરણમાં સંસ્થાકિય તાલીમ તથા ક્ષેત્રીય તાલીમ દરમ્યાનના પગાર ભથ્થા પેટે **૩.૧૨,૨૬,૪૫૮**/– ચુકવવામાં આવેલ છે.

(૩) કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજ્યની કચેરીમાં આઉટ સોર્સીંગ ધોરણે મેળવેલ મેનપાવર અંગેનો **૩.૧૫,૯૮,૩૫૨**/–નો ખર્ચ થયેલ છે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૪/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃUDUHD/0293/05/2024 થીચીફ ઓફિસર સંવર્ગ તથા એકાઉન્ટન્ટ સંવર્ગની વિવિધ પરીક્ષાઓનું તા.૧૭/૦૪/૨૦૨૩ થી તા.૦૭/૦૩/૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સરદાર પટેલ લોકપ્રસાશન સંસ્થા, અમદાવાદ દ્વારા પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના પરીક્ષા ફી પેટે સ્પીપા, અમદાવાદને **૩.૨,૫૧,૨૦૦**/– ચુકવવામાં આવેલ છે.

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૩/૦૨/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૦૧/૦૨/૨૦૨૫ દરમિયાન આર્ટ ઓફ લિવિંગ આશ્રમ, વાસદસારસા રોડ, આંકલાવાડી, વાસદ ખાતે આયોજિત આર્ટ ઓફ લિવિંગ ગર્વમેન્ટ એક્ઝિક્યુટીવ પ્રોગ્રામ (બ્રેથ એન્ડ મેડિટેશન વર્કશોપ)માં શહેરી વિકાસ વિભાગના કુલ-૧૮ કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ. જેના તાલીમ ખર્ચ પેટે વ્યક્તિ વિકાસ કેન્દ્ર ઈન્ડિયા, કર્ણાટકને**રૂ.૩,૨૪,૦૦૦/-** ચુકવવામાં આવેલ છે.

નગરપાલિકાઓની સુશાસન યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ની રૂ.૧૫,૦૨,૪૧૦/-ની બચત ગ્રાન્ટમાંથી રૂ.૧૫,૦૨,૪૧૦/-નો ખર્ચ તથા વર્ષ ૨૦૨૩-૨૪ની રૂ.૧,૫૦,૦૦,૦૦૦/-ની બચત ગ્રાન્ટમાંથી રૂ.૫૨,૪૪,૭૧૬/- નો ખર્ચ મળી ઉપરોકત હકીકતે થયેલ ક્રમ-૧ થી ૫ મુજબની કામગીરી માટે **કુલ રૂ.૬૭,૪૭,૧૨૬**/-નો ખર્ચ થયેલ છે.

ભાગ– ૧૩

રાજયની નગરપાલિકાઓના વર્ષ ૨૦૧૮–૧૯ ના હિસાબો અક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ પ્રમાણે નિભાવવાના પ્રોજેકટની કામગીરી.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના તા.૧૦/૦૧/૨૦૨૦ના વર્ક ઓર્ડરથી **જુદી–જુદી ૧૭–સી.એ. ફર્મસને નગરપાલિકાઓના** વર્ષ ૨૦૧૮–૧૯ના હિસાબો અક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ તૈયાર કરવાની કામગીરી માટે નગરપાલિકાઓની ફાળવણી કરેલ છે.

વર્ષ ૨૦૨૪–૨૫માં વર્ષ ૨૦૧૮–૧૯ ના હિસાબો અક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રીએકાઉન્ટીંગ સીસ્ટમ પ્રમાણે નિભાવવાના પ્રોજેકટ હેઠળ બોર્ડના વ્યાજ ભંડોળમાંથી નીચે દર્શાવેલ વિગતે **૩.૨૭,૫૮,૦૧૫**/– ની રકમની ચુકવણી સી.એ. ફર્મસને કરવામાં આવેલ છે.

ક્રમ	સી.એ.ફર્મસનું નામ	ન.પા.નું નામ	કુલ ચુકવેલ રકમ રૂ.
૧	શાહ કૈલાસ એન્ડ એસોસીયેટસ	વલસાડ	૨,૬૦,૧૯૦
૨	પટેલ એન્ડ મેહતા	ખંભાત	૨,૩૪,૧૭૧
૩		પેટલાદ	૨,૩૪,૧૭૧
૪		સોજીત્રા	૧,૮૨,૧૩૩
૫		બોરીઆવી	૧,૮૨,૧૩૩
૬		ઉમરેઠ	૨,૦૮,૧૫૨
